સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

આપણી મૂર્ખ પુત્રીઓ પ્રેમજાળમાં ફસાય છે,
ને પછી પોલ ખૂલે ત્યારે દિલભરી પસ્તાય છે,
હસાય છે સમાજમાં આંધળુકિયાં કર્યા પછી -
ચાલે છે ષડયંત્ર 'લવ જેહાદ' માં શોષાય છે

હાઈકુ

કસાય ફંદો -
ધર્મ પરિવર્તનનો -
ગાળીયો ગંદો..
(મારામારી-શોષણ)

હૃદયમાં પણ -
દગાખોરીથી કરે -
ઘૂસણખોરી..
(ઓળંગે વિશ્વાસની સરહદ)

ચિંતન

યથા સમુદ્રે અપિ ચ પોત ભંગે તાં યાત્રિકો વાંછતિ તર્તુ મેવ ॥

'સંકટના સમયમાં પણ માણસે ધીરજનો ત્યાગ ન જ કરવો જોઇએ. ક્યારેક ધીરજમાંથી ઉપાય-ગતિ-મુક્તિ જાય છે. જેમ કે સમુદ્રનાં મોજાં પર પછડાઇને નાવ તૂટી જાય તો પણ-તેના યાત્રિક-નાવિક ધીરજપૂર્વક એ જ નાવના તૂટેલાં લાકડાંના સહારે પણ કાંઠે પહોંચી જાય છે.'

સંકટ, મુશ્કેલી, આફત આવવી એ તો જીવનની ઘટમાળ છે સુખ-દુખ, તડકી-છાંયડી એ ક્રમ છે આમાં હિંમત હારી જઇ, ધીરજનો ત્યાગ ન કરાય -

આજકાલ, ખેડૂતો-વેપારીઓ ઉંચ્યા વ્યાજે લોન લઇ 'સાહસ' કરતા હોય છે પણ કોઇ પણ કારણે એ સાહસમાં નિષ્ફળતા મળે તો ધીરજ ગુમાવી 'આત્મહત્યા'નો માર્ગ અપનાવે છે આ અર્ધા રસ્તેથી પાછા વળવું છે.

ધીરજપૂર્વક હિંમતથી પ્રયત્ન-પુરૂષાર્થ પરિશ્રમ ચાલુ રાખવાથી 'સફળતા' સાથે માર્ગ મળી જાય છે.

સુવિચાર

- કોઇ પણ અંકુરિત થયેલું બીજ તરત ઝાડ નથી બની જતું **- બાંગ્લા કહેવત**
- સમુદ્રના મોજાના માર્ગમાં પથ્થરની પથારી ન હોય તો લહેરોનો ગુંજારવ થતો નથી **- રોહિત શાહ**
- કલ્પના કરવી કાયમ માટે સુરક્ષિત જ છે. પણ એ અમલમાં મૂકો તે જ સાચો વિકલ્પ છે **- ડો. ચંદ્રકાન્ત મહેતા**
- સન્માન વગરની સફળતા તમારી ભૂખ તો શમાવી દે છે પણ એ મીઠા વગરના ભોજન જેવી ફીકી છે **- એસ.ભટ્ટાચાર્ય**
- સમજદાર વ્યક્તિ એ જ કહેવાય કે જે બીજાની ભૂલો ભૂલી પોતાની ભૂલો યાદ રાખે **- માનસસૂત્ર**
- વીમા કંપનીઓ આપણને સતત યાદ દેવડાવે છે કે આપણું અસ્તિત્વ જોખમમાં છે, કારણ કે જો એમ ન કરે તો એમનું અસ્તિત્વ જોખમમાં આવી જાય તેમ છે, કોઇકે સાચું જ કહ્યું છે કે હેતુ વગર આ દુનિયામાં કોઇ હેત કરતું નથી **- મોરારી બાપુ**
- બેસણામાં આવવાની કોઇની ઇચ્છા હોતી નથી, પણ ત્યાં જે હાજરીપત્રક રાખવામાં આવે છે, તેનો ડર સૌને ત્યાં આવવા મજબૂર કરે છે **- ચંદ્રકાન્ત બક્ષી**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

સર્જનનું મૂલ્ય સર્જક જ સમજતા હોય. જિંદગીના આઘાત-પ્રત્યાઘાત, ઘાવ-જખ્મો કે પ્રેમનો આનંદ કવિતા-વાર્તામાં ઉભરાતો હોય છે. સર્જન માટે એની રચના અમૂલ્ય હોય છે.

શેખ શાદી સૂફી સંત હતા - સાથે સાથે સૂફી કાવ્યોની ઉત્તમ રચનાઓ પણ કરતા. એમની સૂફી સંત-ચિંતક ઉપરાંત કવિ તરીકેની પણ ખ્યાતિ હતી. અરબના સૂલતાને એક અમૂલ્ય હીરો સૂફી સંત શેખ સાદીને મોકલી કહ્યું. આ હીરો ખૂબ જ કિંમતી છે એના મૂલ્ય જેવી કોઇ કવિતા તમારી પાસે હોય તો મને એ કવિતા મોકલો!

શેખ સાદીએ એ મૂલ્યવાન હીરો પરત કરતાં સાથે પત્ર લખ્યો. 'આપ કવિતાની વાત કરો છો! પણ મારી શાયરીનો એક એક શબ્દ આપના આ હીરાથી અધિક ઘણા મૂલ્યવાન છે મારી કવિતાના શબ્દો કોઇ વિખૂટાં પડેલા હૃદયને જોડી શકે છે, યુદ્ધ કરાવી શકે, શાંતિ ફેલાવી શકે, ઇશ્વર પ્રાપ્તિ પણ કરાવી દે! જ્યારે તમારા હીરામાં માત્ર ખૂન-ખરાબી કરાવ્યા સિવાયની કોઇ જ તાકાત નથી. માટે આપનો આ હીરો પરત મોકલું છું મારી કવિતા ખરીદવાની એમાં કોઇ જ ક્ષમતા નથી.'

Email - sureshchandrabhatt18@gmail.com

આપણને અમૂલ્ય માનવજીવન મળ્યું છે, માણસોથી ખદબદતા આ વિશ્વમાં સાચા માનવોનો દુકાળ છે... આવો માણસાઈનો દુકાળ કેમ?!

લાગણીનો મેળો

- રસિક વાળંદ 'નિર્ઝર'

આણંદ કહે પરમાણંદા, માણસે માણસે ફેર
એક લાખ ખરચતા ન મળે, બીજા ત્રાબિયાનાં તેર

●●●

આણંદ કહે પરમાણંદા, માણસે માણસે ફેર
એક વિદેશ ગયો ન વિસરે, બીજો પાહે ન પોહાય !!

પદ્મપુરાણમાં લખ્યું છે કે, પરમાત્માએ ચોર્યાસી લાખ શરીરો (ફોર્મ્સ) જીવને રહેવા માટે બનાવ્યા છે,જીવ ને અભ્યાસ માટે રચ્યા છે. આ બધા શરીરો પૈકી માનવ શરીર સૌથી શ્રેષ્ઠ છે. કારણકે માનવ જ કઈક કહી શકવાની, થઈ શકવાની મુક્ત થવાની સ્વતંત્રતા ધરાવે છે. તેને ઈચ્છા સ્વાતંત્ર્ય મળ્યું છે. જીવ ને મળેલું શરીર અકસ્માત કે ઈશ્વરેચ્છાથી મળ્યું નથી આ સમગ્ર વિશ્વ પરમાત્માના નિરપવાદ કાયદાથી ચાલે છે. કર્માનુસાર જીવની ગતિ થાય છે. જેમ માનવી જુના કપડાં ત્યજી નવાં કપડાં પહેરે છે તેમ જીવ જુનું શરીર ત્યજી નવું શરીર મેળવે છે. કપડાં મોઘાં કે સારાં, સસ્તાં કે ખરાબ તે અંગે ખર્ચેલી કિંમત પ્રમાણે મળે છે તેમ જીવને શરીર જંતુનું, પશુનું, માનવીનું કે દેવનું વગેરે...મળે છે. તે કર્માનુસાર જ છે.

ખેર, આપણને અમૂલ્ય માનવજીવન મળ્યું છે. માણસોથી ખદબદતા આ વિશ્વમાં સાચ્ચા માનવોનો દુકાળ છે...આવો માણસાઈનો દુકાળ કેમ?!

દોસ્તો! મા એટલે અજ્ઞાન કે અવિદ્યા, ન એટલે વિના, વ એટલે વર્તન કરે એટલે અજ્ઞાન - અવિદ્યારૂપી માયાને હટાવી આત્મસાક્ષાત્કાર અથવા પરમેશ્વરને મેળવે તે માનવ કહેવાય. આવું જે નથી કરતો તે માનવ શરીરના ખોખાને શાસ્ત્રોમાં માનવ ન કહેતા તેના કર્માનુસાર વિવિધ નામે ઓળખ અપાઈ છે. એમાના કેટલાક નામ વિષે વિચારીએ...

(૧) દૈત્ય - આ પ્રકારના માનવીઓ પોતાની શક્તિનો ઉપયોગ અન્યનું બગડવા માટે કરે છે. બીજાને દુઃખ દેવામાં, પજવવામાં, રીબાતા કે રજળતા કરવામાં સુખને આનંદ અનુભવે છે. બીજાના દુઃખ કે દર્દ જોઈ મલકાય, બીજાને હેરાન પરેશાન કરવામાં ક્ષોભ કે સંકોચ થતો નથી. બીજાને દુઃખી દેખી હરખનારા આવા લોકો પોતાની જાતને નુકશાન પહોચાડે છે તે જટ દેખાતું નથી. જેને દુઃખ પહોચાડે છે તેના દિલમાંથી નીકળેલા - આહ ના આંદોલનો દુઃખ પહોચાડનારનો પીછો કરે છે. જે તક મળતાં ભયંકર આર્થિક કે શારીરિક નુકશાન તરફ દોરી જાય છે. બીજું કે, તેના મન બુદ્ધિ મૃદુ-કોમળ-સંવેદનશીલ ન રહેતાં આવા દૈત્યો જડ ને અકર્મણ્ય બને છે. આ અંગો જડ બને તો માનવી કેવા રોગો નો ભોગ બને તે વિચારવા જેવું ને ચેતવા જેવું પણ ખરું.

(૨) અસુર - અસુસુ રમન્તે - ભોગો રમમાણ આ લોકો માત્રને માત્ર પોતાનું જ સુખ, હિત કે લાભ જોતાં હોય છે. પોતાના સુખ - લાભ માટે પત્ની, પિતા, કે મિત્રને પણ કોઈ ન જાણે તેમ સંહાર કરતા અચકાતા નથી પોતાના નાના સરખા ફાયદા માટે અન્યને ભયંકર નુકશાન પહોચાડે છે. આ અસુર વૃત્તિના માનવ પ્રકારમાં ભેળસેળ કરી કમાનાર, પ્રપંચ પાપ કરી કમાનારા, દગો જુઠું બોલી કમાનારા અસત્ય, અનીતિ, વ્યભિચાર જેવી અનૈતિકતા વધારનારા, નશો- સ્વચ્છંદતા જેવા દુર્ગુણો વધારનારા વગેરે આવે છે. અતિ શિક્ષિત પણ અસુર હોઈ શકે. મોટા મોટા વેપારી, વકીલો, દાક્તરો, કલેક્ટરો, અમલદારો, ઈજનેરો અને રાજકીય નેતાઓ પણ આ પ્રકારમાં હોઈ શકે છે. આ લોકો બધુજ જાણતા હોય છે. ખોટું શું છે, અન્યાય શું છે, અનીતિ શું છે... પરંતુ કામ, ક્રોધ, લોભને વશ હોવાથી ભોગમાં રમમાણ રહી કુકૃત્યો કરે છે. આ પ્રકારનાં લોકો પ્રગટપણે ખોટું કરવાની હિંમત ધરાવતા નથી. તેઓ બીકણ હોય છે. તેઓ ખોટું કરે છે પણ સાચાપણાના ઓઠા હેઠળ. જેમ કે કળા નાણાની કમાણી મંદિરો કે દાનમાં આપીને ધાર્મિકતાનો દંભ કરીને કપાળમાં તિલક ચાંદલો કરી, ગળામાં માળાઓ ધારણ કરી - સત્ય - પ્રમાણિકતા - ધર્મ - વગેરે ઉપર આંજી નાંખે તેવા ભાષણો કરીને આ લોકો કુકર્મો છુપાવા મથે છે. સમાજમાં ધાર્મિકતા અને પ્રતિષ્ઠા સાચવવા મથે છે.

દોસ્તો, સ્વાર્થ કે લોભવૃત્તિથી કરાયેલા દાન પૂણ્ય કાર્યોથી સમાજ અંજાય કે છેતરાય પરંતુ પ્રભુ ક્યારેય છેતરાંશે નહિ.

(૩) રાક્ષસ - આ વૃત્તિના લોકો પાસે બળ,બુદ્ધિ, સત્તા, સંપત્તિ,બધું જ હોય છે. અહમ્ રક્ષામિ. હું મારું રક્ષણ કરવા સમર્થ છું આવી મનોવૃત્તિ તેમને અંધ અને અભિમાની બનાવે છે. સમાજના રાજયના કુદરતના કાયદા તોડવા તાકાત વાપરે છે. આ લોકો બીકણ હોતા નથી તેઓ કઈક કરવા માંગે છે. તે હિંમત થી કરે છે. પોતાની સામે થનાર કે અવાજ ઉઠાવનારનો સર્વનાશ કરવા માથે છે. આવો વર્ગ ખુબ ઓછી સંખ્યામાં હોય છે.

સમયે સમયે રાવણના વંશજો ક્યાંક ક્યાંક ચમકતા રહે છે. આ લોકોના ત્રાસથી પ્રજા ગભરાયેલી - ભયભીત રહે છે.

(૪) દાનવ - આ પ્રકારના લોકો સમાજને આપે છે થોડું ને લે છે વધારે. સમાજનો ઘણો મોટો વર્ગ આ પ્રકારમાં આવી જાય. (ક) આજનો ભણેલો વર્ગ, નોકરિયાત વર્ગ, પ્રધાનો જે કાર્ય માટે પગાર મળે છે તે યોગ્ય રીતે ન કરે - સમયસર ન કરે - અન્યના હિતમાં ન કરે, લાંચ રુશ્વત મળે તો તરત કરે એવા લોકો આ વર્ગમાં આવે,. (ખ) માનવ માત્ર ઋણ લઈને જન્મે છે. આપણે ઋષિઋણ, દેવ ઋણ, પિતૃ ઋણ અને ભૂત ઋણનો બદલો વાળવો જોઈએ કે વળવા પ્રયત્ન કરવો તે આપણી ફરજ છે. જે આ ફરજ ચૂકે તે દાનવ. (ગ) શાસ્ત્રોક્ત નિયમ મુજબ દેહના નિભાવ માટે જરૂરી હોય તેટલું જ સમાજ પાસેથી લેવાનો સંત સાધુને અધિકાર છે. જેવો સમાજ પાસેથી અતિ અલ્પ લઈને સમાજને ઘણુ આપે સમાજને મૂલ્યનિષ્ઠ બનાવે પરંતુ આવું ન કરતા જેઓ પોતાની વાહવાહ, કીર્તિ, મિલકતો, શિષ્યવૃંદ વધારવામાં રચ્યાપચ્યા રહે તે આ વર્ગમા આવે. (ઘ) સંકટ, આફતોનાં નિમિત્તે ને ફંડ ફાળા ઉઘરાવનારા પ્રામાણિકપણે ફંડનો સદુપયોગ ન કરે અથવા ફંડફાળાની રકમ પોતાના અંગત ઉપયોગ માટે કરે તેઓ આ વર્ગમાં આવે. (ચ) પોતાને કે પોતાના કાર્યને જે સૌથી શ્રેષ્ઠ સમજે, પોતાને મહાજ્ઞાની સમજે તેઓ સમય જતા ઘમંડમાં ઘેરાઈને ધર્માંધ બને છે. દયા, કરુણા, પ્રેમ, કર્તવ્ય જેવાં મૂલ્યોનું હનન કરે છે. ઈતિહાસમાં આવા ચરિત્રો જોવા મળશે.

માનવ બનવું અતિ મુશ્કેલ છે. દેવ કે રાક્ષસ બનવું તે પણ મુશ્કેલ છે. પરંતુ દાનવ બનવું તો અતિ સરળ છે.

(૫) દેવ - સમાજ પાસેથી ઓછું લઈને તેમ પોતાની તમામ શક્તિઓ સમાજના કલ્યાણ માટે વાપરે છે તે દેવ. સંસારને સ્વર્ગ બનાવે તેમજ અન્યના સંસારમાં સ્વર્ગનું સુખ ભું કરવા સતત પ્રયત્નશીલ રહે છે. કોઈપણ જાતના બદલાની અપેક્ષા સિવાય નિરપેક્ષ અને નીરાકાન્ક્ષ સહાય કરે છે.

(૬) ઋષિ - આ વર્ગમાં ત્રણ વિભાગો છે.

(ક) દેવર્ષિ - કોઈપણ પ્રકારના ભય, બંધન, પરિગ્રહ કે પૂર્વગ્રહ વગર - જે સજ્જન અને દુર્જન, રાક્ષસ અને દેવ, ગરીબ અને તવંગર બધાજ વર્ગોમાં ફરતો રહી સૌને સત્ય, સદાચાર, શૌચના માર્ગે વાળતો રહે તે દેવર્ષિ. બ્રહ્મ તેજ ધરાવતા દેવર્ષિઓ ભૂલ કરનારને ભૂલ બતાવે- સુધારે- કદીક પ્રેમથી દમ મારે કે ધાક આપે. (જેવા કે) નારદ- દુર્વાસા જેવા જંગમ વિદ્યાપીઠ સમા હોય છે.

(ખ) મહર્ષિ - બ્રહ્મજ્ઞાનથી ભરપૂર - વશિષ્ઠ - યાજ્ઞવાલ્કય જેવા મનીષીઓ - લેશમાત્ર અપેક્ષા કે બદલાની ભાવના વગર પોતાના વિચારો સમાજના હિતમાં વાપરે - વેદકાલીન સમાજમાં આવા લોકો આશ્રમોમાં ચૌદ વિદ્યાઓ અને સોળ કળાઓ શીખવતા.

(ગ) રાજર્ષિ - સત્તા અને શ્રીમંતાઈ ને પ્રભુકૃપા કે પરીક્ષા સમજી પ્રભુપ્રેમ વધે - વડીલો પ્રત્યે માન વધે - ધર્મ,સત્ય,સદાચાર,શૌચ,જેવા નૈતિક મૂલ્યો માટે આદર ને આગ્રહ વધે તેવા કર્મોમાં પ્રવૃત્ત રહેતા હોય છે. જેમ કે જનક, વિક્રમરાજા કે લિંકન ને વોશિંગ્ટન આનાં ઉદાહરણો છે. રાજશાહી ભોગવે છતાય ઋષિ જેવો રહી શકે એ જબરો રાજર્ષિ છે.

(૭) સંત - જેમના હૈયા કોમળ અને પ્રેમ - કરુણાથી સભર છે તેવા પરદુઃખ ભંજક લોકો બીજા માટે પોતે સહન કરે. સર્વ પ્રત્યે સમભાવ રાખે - એકનાથ, તુકારામ, મીરાં, દયાનંદ કે રામકૃષ્ણ, વિવેકાનંદ, વગેરે.

(૮) પુરુષોત્તમ - બ્રહ્મતેજ અને ક્ષાત્રતેજથી પ્રકાશિત વ્યક્તિ. જે ટોચની સેવા અને ટોચની સત્તા ભોગવે તેવા યુગપુરુષ પુરુષોત્તમ ગણાય. રામ, કૃષ્ણ, કે ગાંધીજી આવા પુરુષોત્તમ માનવ હતા.

દોસ્તો, ઉપર જણાવેલા આઠ વર્ગો પૈકી પ્રથમ ચાર વર્ગ અધર્મ, અનીતિ, અસત્ય આચરનારા છે. બાકીના ચાર વર્ગો સત્ય, સદાચાર, શૌચ, નિર્ભયતા, સંયમ, ને વરેલા છે. જીવનમાં કર્મ મુખ્ય છે. કર્મ જ મોક્ષ અને બંધનનું કારણ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

ડ્રાઇવરે વધારે માહિતી આપતાં જણાવ્યું કે આના જ જેવી બીજી હોટલ છે પરંતુ તે થોડે દૂર છે તે પણ અગાઉ એક શ્રીમંત પરિવારની હવેલી હતી જેનો હાલમાં હોટેલ તરીકે ઉપયોગ થાય છે

રહસ્યનું રહસ્ય
લઘુકથા

- નિરંજન ઓઝા

અમદાવાદની સ્વસ્તિક સોસાયટી પાસે આવેલ દીપમાલા એપાર્ટમેન્ટમાં રહેતો અને અમદાવાદની પોલીસ વિભાગની કચેરીમાં કાર્ય કરતો દીપક હાલમાં ભાવનગર શહેરની મુલાકાત લેવાનું આયોજન કરે છે તે મુજબ અમદાવાદથી સાંજની ફ્લાઇટ પકડી ભાવનગર પહોંચે છે. ભાવનગર પહોંચ્યા પછી એરપોર્ટથી રીક્ષા પકડે છે. કારણ કે સામાનમાં ફક્ત સુટકેશ જ છે. રીક્ષામાં બેસતા પહેલાં રસ્તામાં કડક કોફી પીવાની ઇચ્છા છે. તેથી હોલ્ડ કરવાનું રીક્ષા ડ્રાઇવરને જણાવે છે. રીક્ષા ડ્રાઇવર ભાવનગર શહેરમાં પહોંચતાં પહેલાં વચ્ચે આવતી ઉડ્ડીપી રેસ્ટોરન્ટમાં કોફી પીવા માટે હોલ્ડ કરે છે. ત્યારબાદ ભાવનગર શહેરની મધ્યમાં આવતાં ગાર્ડનની બાજુમાં બે-ત્રણ, થ્રી સ્ટાર હોટેલોની મુલાકાત લે છે પરંતુ દીપકને પસંદ ન પડતાં, સીધા જ નિલમ બાગની ફાઇવ સ્ટાર હોટલ તરફ લઇ જાય છે. તે પહેલાં ઇતિહાસ જણાવતાં કહે છે કે, સાહેબજી, હોટેલ થઇ તે પહેલાં આ ભાવનગર રાજાનો રાજમહેલ હતો, પરંતુ તેમના અવશાન પછી અહીં રહેવાનું ઓછું થતાં, તેમના વારસદારોએ મહેલની જગ્યાએ આ જ નામની નિલમબાગ ફાઇવ સ્ટાર હોટલ બનાવી છે. દીપકને જગ્યા પસંદ પડી પરંતુ પવિત્ર મહિનો ચાલતો હોવાથી તેમજ રજાનો મેળ હોવાથી બહારગામથી પ્રવાસીઓ મોટી સંખ્યામાં આવતાં, આખી હોટલ હાઉસફુલ થઇ ગઇ છે. આમ જગ્યા ન મળવાથી, દીપકે રીક્ષા ડ્રાઇવરને કહ્યું કે આવી જ બીજી હોટલે લઇ જા.

ડ્રાઇવરે વધારે માહિતી આપતાં જણાવ્યું કે આના જ જેવી બીજી હોટલ છે પરંતુ તે થોડે દૂર છે તે પણ અગાઉ એક શ્રીમંત પરિવારની હવેલી હતી જેનો હાલમાં હોટેલ તરીકે ઉપયોગ થાય છે. દીપક ત્યાં આવે છે. શાંત વાતાવરણ શહેરથી દૂર અને ભાવનગર શહેરને પાણી પૂરૂ પાડતું ગૌરીશંકર લેકના છેવાડે આવેલી આ હોટેલ દીપક પસંદ કરે છે. તેને બીજે માળે સ્યુટ મળે છે. ખૂબ જ થાકેલો દીપક, ગુજરાતી થાળી જમ્યા પછી સૂઇ જતાં આરામ કરે છે. પહેલાં દિવસે ભાવનગર શહેર જોવામાં જાય છે. બીજે દિવસે પણ શહેરમાં ફરતાં, દીપક રાત્રે ૧ થી ૨ ની વચ્ચે કોઇ બહેન મધુર સ્વરમાં ગાતા હોય તેવું સંભળાય છે પરંતુ નિંદરે ભરડો લીધો હોવાથી સૂઇ જાય છે. ત્રીજે દિવસે પણ ભાવનગર શહેરમાં ફરેલો હોવાથી, જમ્યા પચી રાત્રે વહેલો સૂઇ જાય છે પરંતુ મોડી રાત્રે એ જ સમયે કોઇ નાની ઉંમરની બહેન મધુર સ્વરે ગાતા હોય તેવું સંભળાય છે, આજે તે રહસ્ય જાણવા માટે ઉપરનાં માળે જાય છે, બારણા ખુલ્લાં હોવાથી ઓસરીમાં બેસી જુએ છે તો દિવાનખાનામાં એક બહેન નહિ પણ યુવતી બાગેશ્રી ચાલકોશ, કલાવતી વિગેરે રાગોમાં આલાપ સાથે ગીતો ગાતી હતી તે દૃશ્ય જોઇ તેને નવાઇ લાગે છે પરંતુ તે પહેલાં યુવતીની નજર પડી જવાથી, ભૈરવી રાગમાં શરૂ કરેલ ગીત ગાવાનું બંધ કરી દે છે. દીપક હવે નજીક જઇને ગાવાનું બંધ કરવાનું કારણ પુછે છે જેના જવાબમાં યુવતી જવાબ આપે છે કે આજે આટલું બસ, હવે આવતીકાલે સાંભળવા આવજો, નામ પુછવાથી આપ-લે છતાં યુવતી પોતાનું નામ 'કામિની' જણાવે છે. આમ બે ત્રણ દિવસ, દીપક મોડે સુધી 'કામિની'ના ગીતો સાંભળવાનો લાભ લે છે. એક દિવસ રાત્રે દીપક ગીતો-ગાયનો સાંભળવા આવે છે ત્યારે ગીતના અંતે 'કામિની' દીપકને જણાવે છે કે આવતીકાલે પૂનમ છે અને તે દિવસે રાતના બાર વાગે હું સામેની ટેકરી ઉપર આવેલ શિવાલયના પટાંગણોમાં ગીતો ગાઉં છું તો કાલે રાત્રીના બાર વાગે ત્યાં જરૂરથી આવજો.

નક્કી થયા મુજબ અનિવાર્ય સંજોગોને લીધે, કામિનીએ જણાવેલ જગ્યાએ દિપક જઇ શકતો નથી, તેથી તેને અફસોસ થાય છે પરંતુ ત્યાર પછીના બે ત્રણ દિવસ સુધી કામિનીના સૂર સંભળાતાં નથી તેથી હોટલના કાઉન્ટર ઉપર તપાસ કરતાં તેણે જાણ થાય છે કે ઉપર ત્રીજે માળે કોઇને પણ રૂમ એલોટ કર્યો નથી. આ સાંભળી દિપકને આશ્ચર્ય થાય છે કે તેણે બે-ત્રણ દિવસ કામિનીના ગીતો સાંભ્ચળ્યા તે શું ખોટું? આ વિચારમાં ને વિચારમાં તે હોટલના ગાર્ડનમાં બેઠો હોય છે ત્યારે એક વૃદ્ધ માળીને આ બાબતમાં પુછે છે, ત્યારે વૃદ્ધ માળીને આ બાબતમાં પુછે છે, ત્યારે વૃદ્ધ માળી જણાવે છે કે આ હોટલમાં મારા પિતાજી પણ માળી તરીકે કામ કરતાં હતા અને તેઓએ મને વાત કરી હતી કે આ હોટેલ પહેલાં હવેલી હતી અને તેમાં એક શ્રીમંત પરિવારનો નબીરો આવતો હતો જેનું આ હવેલી મનોરંજન સ્થાન હતું રોજ રોજ યુવાન યુવતીઓને લઇ આવતો, ખાણીપીણી, મોજમસ્તી થતી અને છુંટા પડતાં, એક દિવસ શહેરની મશહુર ગાઇકા-નર્તકીને બોલાવવામાં આવી હતી પરંતુ તેને શ્રીમંત નબીરાનો વ્યવહાર યોગ્ય લાગ્યો ન હતો. બદલો લેવા માટે પૂનમની રાત્રે ટેકરી ઉપરના આવેલ શિવાલયના પટાંગણામાં મહેફિલનું આયોજન યુવતીએ કર્યું હતું ત્યારે શ્રીમંત નબીરો ખૂબ જ નશામાં હતો તે સમયે તેને બાથમાં લઇ ટેકરી ઊપરથી પડતું મુકી આપઘાત કર્યો હતો. અહીં આસપાસ રહેલાઓનું માનવું છે કે તે યુવતી આ હવેલી કે જ્યાં અત્યારે હોટલ છે ત્યાં રોજ રાત્રીના સમયે આવે છે, ગીતોની શોખીન એવી એ યુવતી ગીતો ગાય છે અને પુનમને દિવસે ગીતો સાંભળનારને ટેકરી ઉપર બોલાવે છે અને તેમને ટેકરી ઉપરથી નીચે ધક્કો મારે છે. આમ અત્યાર સુધી ત્રણ જણાયે જાન ગુમાવ્યા છે. આ સાંભળી દીપક ભગવાનનો આભાર માને છે કે તે દિવસે તે ટેકરી ઉપર નહિ જવાથી બચી ગયો, પરંતુ એક વાતે દીપક ખુશ છે કે તેણે ત્રણ રહસ્યમય થયેલાં ખૂનનો ભેદ ઉકેલવા માટે મોકલવામાં આવ્યો છે તેનો ભેદ ઉકેલી શક્યો?

પુસ્તક : યુગ અને સંસ્કૃતિના રક્ષક

મોરપીંછના રંગ

- ડૉ. કનૈયાલાલ ભટ્ટ

પૃથ્વી પર જ્યારથી ભાષાની શરૂઆત થઈ છે ત્યારથી આજ સુધી માનવી કાંઈક ને કાંઈક લખીને બીજાને વંચાવતો રહ્યો છે. લખવાની, વાંચવાની અને વિચારવાની ઈશ્વરદત્ત કલા કે ટેવ પૌરાણિક યુગના માનવીથી શરૂ કરીને હાલના યાંત્રિક યુગના માનવ સુધી વિસ્તરેલી છે. પરંતુ આ કલાને આખાય જીવન સુધી ભાગ્યે જ કોઈ જાળવી રાખે છે. આપણે મોટાભાગે અભ્યાસ પૂર્ણ કર્યા બાદ લખવાનું કે વાંચવાનું મૂકી દઈએ છીએ. એનું મુખ્ય કારણ છે આજનું શિક્ષણ. આપણે સંપૂર્ણપણે એમ ન કહી શકીએ કે આજની શિક્ષણ પ્રથા ખામીયુક્ત છે. પરંતુ એટલું ચોક્કસ કહી શકીએ કે આ પ્રથા કથળતી જાય છે. એમાં પરિવર્તન લાવવાની જરૂરિયાત ઊભી થઈ છે. કેમકે આજનો પ્રત્યેક વિદ્યાર્થી પરીક્ષામાં માત્ર પાસ થઈને ઉપરના વર્ગમાં બેસવાની લાયકાત મેળવવાથી વિશેષ કોઈ જ્ઞાન કે શિક્ષણ નથી મેળવતો. આજનો વિદ્યાર્થી દસમાં કે બારમાં ધોરણમાં આવે ત્યાં સુધી અને ઘણી વખત તો કોલેજમાં આવે ત્યાં સુધી એ દેશની આર્થિક, સામાજિક, રાજકીય પરિસ્થિતિથી સાવ અજાણ હોય છે. વિજ્ઞાન ભણેલો વિદ્યાર્થી જ માનવ શરીરના કેટલાંક ગૂઢ રહસ્યોથી સાવ વંચિત રહે છે તેને વિજ્ઞાનમાં જે લખ્યું છે તે સત્ય લાગે છે. શાસ્ત્રોમાં છે તે નહીં. ઈતિહાસ ભણી ગયેલા લોકોને છત્રપતિ શિવાજી, મહારાણા પ્રતાપ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, કે સ્વામી વિવેકાનંદના જીવનના પ્રસંગોની કોઈ જાણ નથી હોતી. કે આજના મોટાભાગના વિદ્યાર્થીઓને નરસિંહ, પ્રેમાનંદ, અખો, દયારામ, નર્મદ, ન્હાનાલાલ, બ.ક. ઠાકોર, ઉમાશંકર, પન્નાલાલ, રાજેન્દ્ર શાહ કે રમેશ પારેખ કોણ છે એની પણ ખબર નથી હોતી.

આ બધાનું એક જ કારણ છે 'સારા પુસ્તકાલયનો અભાવ' દરેક સ્કૂલોમાં પુસ્તકાલયો હોતા નથી, હોય છે તો એને સારી કક્ષાએ લઈ જવાના પ્રયત્નો નથી કરાતા. જો પ્રાથમિક કક્ષાએથી જ અભ્યાસ સિવાયના બીજા પુસ્તકોનું વાંચન કરાવવામાં આવે. અન્ય બાળવાર્તાઓના પુસ્તકો પંચતંત્ર, હિતોપદેશ જેવા પુસ્તકો વંચાવવામાં આવે તો નાના-નાના બાળકોના જ્ઞાનતંતુઓ સતેજ બની શકે છે અને તેમનામાં જિજ્ઞાસા-વધુ નવું જાણવાની વૃત્તિ પણ કેળવાય છે. આજ આપણા શહેરોની શાળા-કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પોતાની સ્કૂલ-કોલેજોના કે શહેરના પુસ્તકાલયોનો ઉપયોગ કરે છે ખરા ? તો આંગળીના વેઢે ગણી શકાય એટલી સંખ્યા થશે. આજે આ કોમ્પ્યૂટર, ઈન્ટરનેટ અને મોબાઈલ યુગમાં આપણી વાંચવાની ભૂખ લૂપ્ત થતી જાય છે. માત્ર અભ્યાસક્રમ વાંચીને કે ગોખીને પાસ થઈ જનારા વિદ્યાર્થીઓ દેશને શું ઉપયોગી નીવડશે ?

આજનો યુવા વિદ્યાર્થી આપણા દેશનું ભાવિ છે. એને શિક્ષણ ઉપરાંત સારા પુસ્તકોના સંપર્કમાં લાવીને સમજદારીનું, જ્ઞાનનું, ઈતિહાસનું, સંસ્કૃતિનું પણ સાચું શિક્ષણ આપવું જોઈએ. આજે આપણે બાળકને કોમ્પ્યૂટરમાં ઈંગ્લિશ ગેમ્સ શીખવવી હોય તો સાથે આપણે આપણા બાળકોને સારા પુસ્તકો તરફ અભિમુખ કરીને એનામાં સંસ્કાર સિંચન અને જ્ઞાનનું શિક્ષણ પણ આપવું જોઈએ.

એક પુસ્તક ઘણી વખત વ્યક્તિનું જીવન પલટાવી નાખે છે. પુસ્તક એ માત્ર પુસ્તક નથી. વ્યક્તિના (લેખકના) સમગ્ર જીવનનો નિચોડ છે. અનુભવપથ છે. આપણે ગાંધીજી સાથે તો રહી નથી શકતા એમને મળી નથી શકતા પરંતુ એમની આત્મકથા 'સત્યના પ્રયોગો' વાંચવાથી ગાંધીજીનું સાનિધ્ય માણી શકાય છે. એક પુસ્તકની કેટલી મોટી તાકાત છે ? ડો. અબ્દુલ કલામ કંઈ રીતે રાષ્ટ્રપતિ પદ સુધી પહોંચ્યા ? ધીરૂભાઈ અંબાણી કઈ રીતે મધ્યમવર્ગમાંથી ઉદ્યોગપતિ બન્યા ? અમિતાભ સામાન્ય માણસમાંથી સદીના મહાનાયક કઈ રીતે બન્યા ? આ બધુ પુસ્તકોમાં શબ્દબદ્ધ-ભાવબદ્ધ છે.

આપણા દેશનો પ્રાચીન ઈતિહાસ, ઋષિમુનિઓનું જીવન, એ વખતની આશ્રમ વ્યવસ્થા, મધ્યકાળનો ભક્તિયુગ, નરસિંહ-મીરાંના પ્રેરણાદાયી જીવન, સ્વામી વિવેકાનંદ, સંતો,-મહાપુરુષો, રાજા-મહારાજાઓ, કલાકારો-સાહિત્યકારો, ઉદ્યોગપતિઓ, વૈજ્ઞાનિકો... આ બધાના જીવન અંગેના, પ્રવૃત્તિઓ અંગેના તમામ પ્રકારના પુસ્તકો આજે મળી રહે છે. હવે આપણે નક્કી કરવાનું છે કે આપણે વધારાના સમયમાં આપણા બાળકને ટી.વી. જોવા દેવું-વીડિયોગેમ રમવા દેવી કે કોઈ સારું પુસ્તક વાંચવા દેવું ! શક્ય છે કે આપણા બાળકને પણ ગાંધીજીની આત્મકથા કે સ્વામી વિવેકાનંદનું પુસ્તક કે ડો. અબ્દુલ કલામના જીવનમાંથી પ્રેરણા મળે અને એનામાં પણ મહાન વિચારોના ઝરણાઓ ફૂટી નીકળે. એનું જીવન પણ બદલાઈ જાય.

બાળકોમાં સંસ્કાર સિંચનનું જે કામ મા-બાપ નથી કરી શકતા કે શિક્ષક નથી કરી શકતા તે કામ પુસ્તકો કરે છે. કેમકે પુસ્તકો કોઈ વાત કે સિદ્ધાંત મનાવવા બળજબરી નથી કરતા. એ પોતાની અસર સીધી હૃદય પ